Summary

## : રુપરેખા:

ખંડ:૧:

અ: ૧: શ્રીમદ્ ભાગવત:

સૌથી મહત્વનું અને લોકપ્રિય પુરાણ- અદ્વૈતજ્ઞાન સાથે ભકિતનું સામંજસ્ય, સકલ વેદોના સારરુપ- નવધા ભકિતનું નિરુપણ- બાવીસ અવતારોનું વર્ણન- મુખ્ય લીલાગાન રસેશ શ્રીકૃષ્ણનું - એમાં ઉદાત્ત અને દિવ્ય શૃંગાર છતાં પોતાની દાર્શનિક પૃષ્ઠભૂમિ- તત્વજ્ઞાનના વિવિધ પ્રશ્નોના દ્દષ્ટિ ઉકેલ -કુલ બાર સ્કંધ- દશમસ્કંધ અને એકાદશ-સ્કંધની ઉત્કૃષ્ટતા.

૨: શ્રીમદ્ ભાગવત-દશમસ્કંધ :

બાર સ્કંધોમાં સૌથી મહત્વનો અને લોકપ્રિય સ્કંધ - પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધના બે વિભાગમાં ૯૦ અધ્યાય- શ્રીકૃષ્ણના ચરિત્રનું સાંગ વિસ્તૃત નિરુપણ-શ્રીકૃષ્ણની વિવિધ લીલાઓનાં વર્ણનમાં કવિની અસાધારણ કવિત્વશકિત, કલ્પનાશકિતનાં દર્શન-અન્ય પુરાણોમાં ન હોય તેવા કેટલાક ઉમેરા- વિલાસનું તત્વ જો ગાઢ , તો ભકિતનું તત્વ ગાઢતર- ભકિતરસનું, રાસના માધુર્યનું છલોછલ પાન:

૩: દશમસ્કંધના કૃષ્ણની પૃષ્ઠભૂમિ:

૧: પ્રાચીન સાહિત્યમાં :

વૈદિક અને સંસ્કૃત સાહિત્યમાં શ્રીકૃષ્ણના ત્રણ રુપ:

૧: ઋષિ,ધર્મોપદેશક :૨: નીતિવિશારદ ક્ષત્રિય રાજા: ૩: બાલ અને કિશોરરુપમાં

-વિભિન્ન પ્રકારની અલૌકિક તથા લૌકિક લીલાકારી અવતારી પુરુષ :

૨: ૪: વૈદિક સાહિત્યમાં કૃષ્ણ :

ઋગ્વેદમાં ઋષિ કૃષ્ણ અને અસુર કૃષ્ણના ઉલ્લેખો-શ્રીકૃષ્ણ ધાર્મિક સાહિત્યમાં વિષ્ણુના અવતાર રુપે વર્ણવાયા- વિષ્ણુપૂજા ઘણા પ્રાચીન સમયથી પ્રચલિત

૩: મહાભારત:

કૃષ્ણના મહિમાનો પ્રારંભ તથા કૃષ્ણભકિતનો પ્રચાર-કૃષ્ણપૂજાના અનેક ઉલ્લેખો- પાંડવોના સખા અને પ્રભાવશાળી રાજનીતિજ્ઞના રુપમાં કૃષ્ણનું ચિત્રણ.

૪: શ્રીમદ્ ભગવદ્ગીતા:

કર્મ અને નીતિ સાથે ઉપનિષદ્, સાંખ્ય અને યોગના ઉત્તમ તત્ત્વોની ગૂંથણી -નિષ્કામ ભકિતમાર્ગનો નવો ધર્મ- શ્રીકૃષ્ણ પૂર્ણાવતારના રુપમાં.

૫: પુરાણોમાં કૃષ્ણનું સ્વરુપ:

અઢાર પુરાણોમાંથી અડધા ઉપરાંત પુરાણો કૃષ્ણ ભકિતથી નિતાંત સ્ફુટ- અસુરોનો વિનાશ અને ધર્મ સંસ્થાપનની સાથે જ માધુર્યલીલાપરક વર્ણનોથી પુરાણ સાહિત્ય સભર-કૃષ્ણના ઐશ્વર્યરુપ અંતર્ગત લોકરક્ષક, લીલાઓનો સમાવેશ- માધુર્યમય કૃષ્ણનું લોકરંજક રુપ - વ્રજની વિવિધ લીલાઓ-'હરિવંશ', 'વિષ્ણુપરાણ', બ્રહ્મપુરાણ','પદ્મપુરાણ', 'ભાગવત અને બ્રહ્મવૈવર્ત -' ઈત્યાદિ પુરાણોમાં શ્રીકૃષ્ણચરિત્રનો ઉત્તરોત્તર વિસ્તાર .

૨: ૬: <u>કવિશ્રદ્ધા: કૃષ્ણરાધા પરત્વેની:</u>

શ્રીમદ્ ભાગવત -દશમનું આકર્ષણ રાસલીલા-પ્રિય વિશિષ્ટ ગોપીનો ઉલ્લેખ- રાધા ગેરહાજર-સાહિત્યકૃતિઓમાંથી ઉપસતી રાધાની છબિ- રાધાનો સૌ પ્રથમ ઉલ્લેખ ઈ.૫મી સદીમાં ' પંચતંત્ર' અને'ગાથાસપ્તશતી'માં-આલવાર ભકતોનાં

ગીતોમાં ' નપ્પિન્નૈ ' નામની વિશિષ્ટ ગોપી અને 'કુરવૈકુટ્ટુ ' નામના નૃત્ય પ્રકારનો ઉલ્લેખ_એ બંનેનું -'રાધા ' અને ' રાસલીલા' સાથે સામ્ય.

'બ્રહ્મવૈવર્તપુરાણ' માં રાધાલીલાનું વિસ્તૃત વર્ણન - ઉઘાડો શૃંગાર-કવિત્વ, વિદ્વતા, ભકિત, વૈરાગ્ય ઈત્યાદિ વિષયોમાં 'ભાગવત' કરતાં ઉતરતું પુરાણ.

રાધાની ઉપાસના - પૂજાનું વિવરણ - 'સ્કન્દપુરાણ', 'ગર્ગસંહિતા',
'પદમપુરાણ' માં અનેક સ્થળો રાધાનું વર્ણન- 'દેવી ભાગવત' માં/ 'મત્સ્યપુરાણ', 'વાયુપુરાણ', 'વરાહપુરાણ', ' નારદીયપુરાણ' ~~આદિ પુરાણ~~' ઈત્યાદિ પુરાણોમાં એકાદ શ્લોકમાં રાધાનો ઉલ્લેખ.

3: <u>દશમસ્કંધ આધારિત મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં:</u>

૧૧મા શતક પછી વૈષ્ણવભકિતનું સાંપ્રદાયિક રુપ બંધાય-અખિલ ભારતના ભકિતપ્રવાહના સંદર્ભમાં મધ્યયુગની ગુજરાતી ભકિતકવિતા-નાનામોટા અનેક કવિઓનું જુદે જુદે સ્વરુપે ભકિતનું ગાન-એમની વિષ્ણુભકિતનું મૂળ 'ભાગવત' જેવાં પુરાણોમાં, ગીતગોવિંદ જેવાં કાવ્યોમાં .

રુદ્રટના કાવ્યાલંકાર ઉપરની નમિસાધુની ટીકામાં, ક્ષેમેન્દ્રના 'દશાવતારચરિત'માં, ભોજના 'સરસ્વતીકંઠાભરણ'માં, ધનંજયના 'દશરુપ' માં, મુંજના તામ્રપત્રના 'મંગલાચરણમાં, આનંદવર્ધનના 'ધ્વન્યાલોકમાં, હેમચંદ્રના 'સિધ્ધહૈમ' વ્યાકરણમાં, સોમેશ્વરના 'સુરથોત્સવ ગ્રંથમાં રાધાકૃષ્ણનું લીલાગાન.

આ ગ્રંથોની છાયામાં ઉછરેલી મધ્યકાલીન ગુજરાતી કવિતાની ભકિતકવિતા-આખા ભાગવતનો અનુવાદ, ભાગવતસાર ભાગવતદશમનો જ અનુવાદ -નરસિંહ, ભાલણ, કેશવરામ, લક્ષ્મીદાસ, પરમાણંદ, માધવ, પ્રેમાનંદ, તુલજારામ, ગિરધર, દયારામ જેવા મુખ્ય તથા અનેક

ગૌણ કવિઓની દશમસ્કંધ આધારિત અનેક કૃતિઓ-દશમના અનુવાદો, કૃષ્ણલીલાનાં પદો, દાણલીલા, રુકિમણીહરણ, નાગદમણ, સતભામાનું રુસણું, ભ્રમરગીતા, રાસલીલા, માસ, ઓખાહરણ, ઉપરાંત રાધાકૃષ્ણલીલા સંબંધી અનેક પ્રકીર્ણ રચનાઓ.

## બ: મધ્યકાલીન ગુજરાતી દશમસ્કંધોની અન્વીક્ષા:

### ભાલણ:

ભાલણનાં ત્રિવિધ પાસા- આખ્યાનકાર, પદકાર અને અનુવાદક-દશમનો ઉત્તમાંશ એમાંનાં કૃષ્ણબાલચરિતનાં પદો, સ્વભાવોકિતભર્યાં વાત્સલ્યરસની સિદ્ધિ દાખવતાં મનોહર ચિત્રો-સુંદર ગીતો, ધૂળ ઈત્યાદિ:

કેશવરામ: 'કૃષ્ણક્રીડાકાવ્ય'માં ૪૦ સર્ગમાં ભાગવતનો સર્ગબદ્ધ અનુવાદ-સંસ્કૃત શ્લોકો -અન્ય પુરાણો, લોકોક્તિઓનો આધાર.
ભીમ: શ્રી 'હરિલીલાષોડશકલા'માં ૧૬ વિભાગ-બોપદેવની 'હરિલીલા-વિવેક'નો આધાર છતાં સ્વતંત્ર કૃતિ

### ~~કેશવરામ ભીમ~~ લક્ષ્મીદાસ:

આ 'ઘોષાસુત' કવિનો ૧૯૫ કડવામાં અધ્યાયવાર દશમસ્કંધ-મૂળને અનુસરતો છતાં એની પ્રતિભાની મૌલિક ચમકારા.

### પૂજાસુત પરમાણંદ:

બાર વર્ગમાં ૧૩૪૩ કડીમાં 'હરિરસ' નામનું વિસ્તૃત કાવ્ય-દશમસ્કંધની મૂળ કથાને વફાદાર છતાં અનેક લોકભોગ્ય પ્રસંગો - ભાગવત ઉપરાંત અન્ય પુરાણો, પુરોગામીઓનો આધાર -કલ્પનાથી નવા પ્રસંગોની ઉદ્ભાવના.

### કવિ સંત:

આખા ભાગવતનો અનુવાદ - દશમસ્કંધ સિવાયના અન્ય સ્કંધો સંક્ષિપ્ત, દશમસ્કંધ શબ્દશ: સારાનુવાદ જેવો-વચ્ચે વચ્ચે સંસ્કૃત શ્લોકો .

### સુંદરસુત માધવ:

દશમસ્કંધનો અધ્યાયવાર છતાં સ્વતંત્ર પદબંધ -મૂળમાં ન હોય તેવા કેટલાક ફેરફારો

વ્રજભાષામાં પદરચના.

પ્રેમાનંદ:

-------- પરંપરા અને પોતીકાપણું-સ્વરુપગત, વિષયગત, પ્રદાન-મૂળમાં ફેરફારો-કથનકળા, રસસ્થાનોની પરખ- પ્રસંગોની નાટયાત્મકતા-રસસિધ્ધિ-સમાજદર્શન- વાક્કૌશલ્ય- અનુભૂતિગત, અભિવ્યકિતગત સિધ્ધિ- વિરલ પ્રતિભા- મર્યાદાઓ છતાં સંસ્કારરક્ષક સર્વોત્તમ આખ્યાનકાર. રત્નેશ્વર, તુલજારામ, રઘુનાથદાસ, ગિરધર જેવા ગૌણ દશમકારો.

ખંડ:૨:

## અ: ગુજરાતી દશમસ્કંધોની તુલના: વિષયો: પૂર્વપીઠિકા:

કૃષ્ણનું બ્રહ્મસ્વરુપ, માનવીય ભાવો અને લોકોત્તર રુપનું મિશ્રણ, કૃષ્ણજન્મ, પૂતનાવધ, બાલસ્વભાવ, વયવિકાસની વિવિધ બાલછબિઓ, મૃતિકાભક્ષણ અને વિશ્વરુપદર્શન, માખણચોરી ગૌચારણ, ઊખલબંધન, નાગદમણ, ગોવર્ધનધારણલીલા, રાસલીલા, સંયોગાવસ્થાની વિવિધ મનોદશાઓ, દાણલીલા, માનલીલા, કૃષ્ણનું મથુરાગમન, ભ્રમરગીત, નંદજશોદા, વસુદેવ-દેવકીના ઉદ્ગારો, પુનર્મિલન, દશ્યચિત્રણ, પ્રકૃતિચિત્રણ, સ્વભાવચિત્રણ, ઉકિતવૈચિત્ર્ય અને અલંકારવિધાન-ભાષાશૈલી.

બ: ઉપસંહાર:

-------- અન્ય પુરાણો કરતાં ભાગવતનો અધિક વ્યાપ-સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, વ્રજ-ભાષાના કાવ્યોની ગુજરાતી કૃષ્ણકાવ્ય પર અસર- છતાં પર્યાપ્ત મૌલિક ચમકારા-રાધા ગોપી-કૃષ્ણની પ્રેમલીલાઓનું શ્રવણ, સ્મરણ, ચિંતનમાં જ કવિ કર્મનું ઈતિશ્રી-સ્થૂળ, સૂક્ષ્મ ભાવનાઓનું ચિત્રણ- બાહ્ય વિવિધતામાં અંતરરસ-ભકિતરસ સમાન-સાંસ્કૃતિક એકતાનો આંતરપ્રવાહ- ઊર્મિની ગહનતા- જીવનતત્ત્વની પકડ - બંધાયેલું ગુજરાતી ભાષાનું કાઠું.

૦૦૦:૦૦૦